# —: જાહેરનામું :—

## ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક :જી/DCP/Crime/મોબાઈલ ફોન/જાહેરનામું/૧૫૬૨/૨૧,
નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમની કચેરી,
વડોદરા શહેર. તા.20/૯/૨૦૨૦૧

હુકમઃ—

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ ભુતકાળમાં અમદાવાદ શહેર ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ તેમજ વડોદરામાંથી પણ બોમ્બ બ્લાસ્ટનાં આરોપીઓ પકડાયેલ હતા તેમજ મુંબઈ શહેરમાં ત્રાસવાદીઓએ અંધાધુન ગોળીબાર અને સ્ફોટક પ્રદાર્થનો તથા હેન્ડ ગ્રેનેડનો ભયાનક બ્લાસ્ટો કરી સમગ્ર શહેરને હચમચાવી દીધેલ અમુક બનાવોથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ/અસામાજીક તત્વો બહારથી આવી શહેર વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી તથા શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીને ખુવારી થાય અને જાહેર જનતાની જાનમાલ મિલ્કતને નુકશાન પહોચાડી ગુન્હાઓ આચરી નાસી છુટતા હોય છે. આમ આ તમામ ગુનાહીત કામગીરીમાં ગુન્હેગારો એક બીજાના સંપર્ક માટે મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરતા હોવાનું તેમજ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી ગુન્હાઓ કરતા હોવાનું તપાસ એજન્સીઓની તપાસમાં બહાર આવેલ છે. તેમજ તાજેતરમાં મિલ્કત સંબંધી તેમજ શરીર સંબંધી શોધાયેલ ગુન્હાઓમાં પણ ગુન્હેગારો મોબાઈલ ફોનનો ઉપયોગ કરેલ હોવાનું જણાયેલ છે.

આમ આવા ગંભીર પ્રકારના ગુન્હા શોધી કાઢવા તથા અટકાવવા ગુન્હામાં વપરાયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકિંગ કરી ગુન્હાના મુળ સુધી પહોચવાના પ્રયત્નો કરવામાં આવે છે. આવા ઘણા કિસ્સા ઓમાં મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે, આ મોબાઈલ ફોન કોંઈ અજાણ્યા વ્યકિત પાસેથી ખરીદેલ છે. આ મોબાઈલ ફોન વાપરનારને મોબાઈલ ફોન અગાઉ ગુન્હામાં વપરાયેલ કે ચોરાયેલ હોવાની માહીતી હોતી નથી. આમ આ પ્રકારની તપાસમાં આવતી વિજ્ઞતાઓના કારણે જયારે જુના મોબાઈલ લેતાં કે વેચતા વખતે મોબાઈલ વેચનાર તથા મોબાઈલ ખરીદનારનું નામ સરનામું તથા તેની ઓળખ અંગેની હકિકત નોધણી થાય તે સલામતીની દ્રષ્ટીએ અત્યંત આવશ્યક છે.

જેથી હું ડો. શમશેર સિંઘ, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે અમોને મળેલી સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છુ કે, વડોદરા શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં જુના મોબાઈલ લે—વેચ કરનાર વેપારી એ મોબાઈલ લે—વેચ કરતા પહેલાં નીચે જણાવ્યા મુજબના કોલમ સહીતના અલગ અલગ રજીસ્ટર નિભાવવાના રહેશે. અને રજીસ્ટરોનો ડેટા ઓછામાં ઓછો એક વર્ષ સુધી વ્યવસ્થીત સાચવી રાખવાનો રહેશે, અને આ રજીસ્ટર ચેકિંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રીની માંગણી કરે ત્યારે બતાવવાનુ રહેશે.

### જુના મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનું | મોબાઈલની વિગત/ કંપની | IMEI NO | મોબાઈલ વેચનારનું નામ સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

### જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

| અનું | મોબાઈલની વિગત/ કંપની | IMEI NO | મોબાઈલ ખરીદનારનું નામ સરનામાની વિગત | ID પ્રુફની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

(પાછળ)

આ હુકમનો અમલ તા.૨૧/૯/૨૦૨૧નાં ક.૦૦/૦૦ થી તા.૧૯/૧૧/૨૦૨૧ના ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી,પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. 20 /૯/૨૦૨૧ નારોજ મારી સહી, સિકકો કરી આપેલ છે.

(ડૉ.શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર,
વડોદરા.

**પ્રતિ,**

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર દ્વારા જાહેરાત કરાવવા સારૂ..)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ.
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી, જાણ તથા વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધી સારૂ.
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**જયભારતસહ નકલ રવાના :–**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) અધિક પોલીસ કમિશ્નરશ્રી, 'ક્રાઈમ અને ટ્રાફીક', વડોદરા શહેર, વડોદરા.
(૬) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી , વડોદરા રેન્જ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા. સોલારોડ અમદાવાદ.
(૮) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા
(૯) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ મેજી.શ્રી, કોર્ટ, વડોદરા.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી. શ્રી કોર્ટ, વડોદરા.
(૧૨) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૪) શીક્ષણા અધિકારીશ્રી, કારેલીબાગ, વડોદરા.
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૬) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પો.ઈન્સ.શ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.
(૧૭) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૮) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ, વડોદરા. (ગેઝેટ ભાગ–૧ માં પ્રસિધ્ધ કરવા સારુ).
(૧૯) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.) વડોદરા રીજીયન વડોદરા.
(૨૦) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૧) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૨) સંયુકત માહિતી નિયામકશ્રી, વડોદરા.

૨/– સ્થાનિક વર્તમાનપત્રો તેમજ ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધી કરવા વિનંતી સહ.